# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**************************************************

1) પહેલગામ આતંકવાદી હુમલા બાદ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની સૈન્યની તૈયારીઓ અંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણ સાથે બેઠક.

2) પહેલગામ આતંકવાદી હુમલા અંગે આજે જમ્મુ કાશ્મીર વિધાનસભાનું એક દિવસનું વિશેષ સત્ર મળશે.

3) નવી દિલ્હી ખાતે આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પદ્મ પુરસ્કાર એવોર્ડ એનાયત કરશે.

4) ઇરાન સમર્થિત હિઝબુલ્લાહના ઠેકાણાઓ ઉપર ઇઝરાયલે બેરૂતના દક્ષિણ ઉપનગરોમાં હવાઈ હુમલો કર્યો.

5) આઇપીએલમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે જયપુરમાં મૂકાબલો.

..........................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CDS RAJNATH

પહેલગામ આતંકવાદી હુમલા બાદના પ્રતિભાવમાં લશ્કરી તૈયારીઓની ચર્ચા માટે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ સાથે મુલાકાત કરી હતી. દિલ્હીમાં રક્ષામંત્રીના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠક લગભગ 40 મિનિટ ચાલી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જનરલ ચૌહાણે સંરક્ષણ મંત્રીને લશ્કરી વ્યૂહરચના અને તૈયારીઓ વિશે માહિતી આપી હતી.

સંરક્ષણ તૈયારીઓ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર બેઠક માટે ગઈકાલે BSF અધિકારીઓ પણ દિલ્હીમાં હાજર હતા. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના ડિરેક્ટર જનરલ દલજીત સિંહ ચૌધરીએ પણ ગઈકાલે ગૃહ મંત્રાલયની મુલાકાત લીધી હતી.

દરમિયાન, ભારતીય નૌકાદળે ગઈકાલે એન્ટી-શિપ મિસાઈલ કવાયત સફળતાપૂર્વક હાથ ધરી હતી, અને કહ્યું હતું કે, તે દેશના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે કોઈપણ સમયે, ગમે ત્યાં અને કોઈપણ રીતે લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ મિસાઈલ પરીક્ષણ ભારતીય નૌકાદળના જહાજોમાંથી કરવામાં આવ્યું હતું.

# INDIAN DIASPORA PROTEST

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં હિન્દુ પ્રવાસીઓની હત્યાઓ સામે વિશ્વભરના ભારતીય સમુદાયે વિરોધ પ્રદર્શનો કર્યા હતા. મેલબોર્નના ફેડરેશન સ્ક્વેરથી લંડનમાં પાકિસ્તાન હાઈ કમિશન સુધી

અને કોપનહેગનથી કાઠમંડુમાં પાકિસ્તાન દૂતાવાસ સુધી, પ્રદર્શનકારીઓએ ન્યાયની માંગ કરી અને આ ક્રૂર આતંકવાદી કૃત્યની ટીકા કરી હતી.

ભારતીય સમુદાયના સભ્યોએ ફ્રાન્સના પેરિસ, સ્વિટ્ઝર્લૅન્ડના ઝ્યુરિચ, ફિનલેન્ડના હેલસિંકી, સ્પેન અને અન્ય ઘણા દેશોમાં પણ ઉગ્ર વિરોધ પ્રદર્શનો કર્યા હતા. એક ગૌરવપૂર્ણ મેળાવડામાં, સમુદાયના સભ્યોએ નિર્દોષ જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી અને આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવાનો સંદેશ આપ્યો. ભારતીય સમુદાયે ગઈકાલે ફ્રેન્કફર્ટમાં પણ વિરોધ રેલી યોજી હતી.

# J&K ASSEMBLY SPECIAL SESSION

જમ્મુ અને કાશ્મીરમાં, મંત્રીમંડળની વિનંતી પર ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ આજે પહેલગામ આતંકવાદી હુમલાની ચર્ચા કરવા માટે વિધાનસભાનું એક દિવસીય વિશેષ સત્ર બોલાવ્યું છે, હુમલામા 25 પ્રવાસીઓ અને એક સ્થાનિક વ્યક્તિ માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. વિધાનસભા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપશે, ત્યારબાદ ઘટના અને સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે અને પછી આ ઘટનાની સખત નિંદા કરતો ઠરાવ પસાર કરવામાં આવશે.

# PREZ PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રથમ નાગરિક સન્માન સમારોહમાં પદ્મ પુરસ્કારો એનાયત કરશે. દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક પદ્મ પુરસ્કારો પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી એમ ત્રણ શ્રેણીઓમાં એનાયત કરવામાં આવે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

(V/C: ANUPAM MISHR)

# PM MP ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા પરિવારો માટે બે લાખ રૂપિયા અને ઘાયલો માટે 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, મધ્યપ્રદેશના મંદસૌરમાં થયેલા અકસ્માતમાં જીવ ગુમાવવાથી દુઃખ થયું છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના.

મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાં ગઈકાલે નારાયણગઢ પોલીસ સ્ટેશન હેઠળના કચરિયા ચોપાટી ગામ પાસે શ્રદ્ધાળુઓને લઈ જતી એક વાન ખુલ્લા કૂવામાં પડી જતાં 11 લોકોના મોત થયા હતા. આ ઘટનામાં બે નાના બાળકો સહિત ચાર અન્ય લોકોને ગંભીર ઇજાઓ થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, બાઇક સાથે

**અથડાયા બાદ વાહને કાબુ ગુમાવ્યો હતો અને અંતે તે 15 ફૂટ ઊંડા કૂવામાં ખાબક્યું હતું.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## FOREIGN INVESTMENT

**વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં ગયા અઠવાડિયે 17 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું. અગાઉ, 18 એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, તેમણે કુલ 8 હજાર 500 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.**
**નવીનતમ માહિતી અનુસાર, વિદેશી રોકાણકારોએ 21 થી 25 એપ્રિલ દરમિયાન ભારતીય શેરબજારમાં કુલ 17 હજાર ચારસો 25 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. પરંતુ એપ્રિલમાં અત્યાર સુધીમાં, તેઓએ બજારમાંથી 5 હજાર 678 કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે.**

# ISRAEL AIR STRIKE BEIRUT

ઇઝરાયલે ગઈકાલે બેરૂતના દક્ષિણ ઉપનગરો પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઈરાન સમર્થિત જૂથ હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતી એક ઇમારતને લક્ષ્યાંક બનાવી હતી. ઇઝરાયલે કહ્યું હતું કે, ઇઝરાયલ માટે ખતરારૂપ મિલાઇલોના ભંડાર હોવાને કારણે આ ઇમારત પર હુમલો કરાયો હતો. લેબનીઝ રાષ્ટ્રપતિએ આ હુમલાની નિંદા કરી હતી અને નવેમ્બરમાં યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરનારા અમેરિકા અને ફ્રાન્સને ઇઝરાયલ પર હુમલા બંધ કરવા દબાણ કરવા હાકલ કરી હતી.

# IRAN BLAST

દક્ષિણ ઈરાનના શહેર બંદર અબ્બાસ નજીક બંદર પર થયેલા પ્રચંડ વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 40 પર પહોંચી ગયો છે. શનિવારના વિસ્ફોટ અને ત્યારબાદ લાગેલી આગમાં 1 હજાર થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી 197 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. ઈરાનની સરકારના પ્રવક્તા, ફાતેમેહ મોહજેરાનીએ સોશિયલ મીડિયા પર એક સંદેશમાં જણાવ્યું કે, વહીવટી તંત્રે આજે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે.

# IPL

આઇપીએલમાં આજે રાજસ્થાન રોયલ્સ જયપુરના સ્વાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.

જ્યારે ગત રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સ સામે 6 વિકેટથી વિજય મેળવ્યો

હતો. દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 163 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો લક્ષ્યનો પીછો કરતા, RCBએ 9 બોલ પહેલાં જ 4 વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા અને મેચ જીતી લીધી હતી

ગઇકાલે રમાયેલી બીજી મેચમાં, મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે, મુંબઈ ઇન્ડિયન્સે લખનૌ સુપર જાયન્ટ્સને 54 રનથી હરાવ્યું. 216 ના લક્ષ્યનો પીછો કરતા, લખનૌએ નિર્ધારિત 20 ઓવરમાં 161 રન બનાવ્યા હતાં.

# PAK TERRORIST KILLED

પાકિસ્તાનના સુરક્ષા દળોએ પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના 54 આતંકવાદીઓને ઠાર માર્યા હતા, પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ દ્વારા ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ઘૂસણખોરી કરવાના પ્રયાસ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમ લશ્કરની મીડિયા શાખાએ જણાવ્યું હતું. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી શસ્ત્રો, દારૂગોળો અને વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કરાયો હતો.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારો પર પ્રકાશિત થયેલા મુખ્ય સમાચાર જોઇએ તો

1) ગુજરાત સમાચારની હેડલાઇન છે પહલગામ હુમલા પછી પીઓકેમાં એલર્ટ પાકિસ્તાને સેના ખડકી

2) સંદેશે લખ્યું છે કે મુઝફ્ફરાબાદમાં ઓચિંતુ પૂર, કટોકટી જાહેર

3) પાકિસ્તાન ખોફમાં, રશિયા, ચીનને મધ્યસ્થીની અપીલ કરી આ હેડલાઇન નવ ગુજરાત સમયે બનાવી છે

4) ફૂલછાબ દૈનિકે ત્રણ રાતથી ધણધણતી એલઓસી – નાપાક શસ્ત્રવિરામ ભંગને મુખ્ય સમાચાર બનાવ્યા છે.

5) જ્યારે અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ લખ્યુ છે કે બ્લડ ઓન બોઇલ બટ નેશનલ યુનિટિવીલ સ્ટિર પહેલગામ  પીએમ સેઇડ

6) તમામ અખબારોમાં અન્ય સમાચારમાં કેનેડાના વાનકુવરમાં એક કારચાલકે અનેક વ્યક્તિઓને અડફેટે લેતા નવના મોત, એનસીઇઆરટીના પુસ્તકોમાંથી મુઘલ સલ્તનતકાળની બાદબાકી, આતંકવાદી હુમલા બાદ વૈષ્ણોદેવી જતા શ્રધ્ધાળુઓ ઘટ્યાં, પાકિસ્તાનીઓ માટે પરત ફરવાની મુદત પૂર્ણ થઇ હોવાના સહિતના સમાચાર પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

7) જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં ગુજરાત પોલીસ દ્વારા ચલાવાયેલા વિદેશી ઘૂસણખોરના સમાચાર, હવામાન વિભાગની ગરમી વધવાની આગાહી તેમજ આરટીઇમાં આજે પ્રવેશ ફાળવાશે 63 હજારથી વધુ અરજીઓ અમાન્યના સમાચાર પણ છેલ્લા પાના ઉપર છપાયાં છે.

8) સ્પોર્ટ્સ પેજ ઉપર ગઇકાલે રમાયેલી મેચમાં મુંબઇ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર બેંગલોરનો વિજય તેમજ આજે રમાનારી ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચના સમાચાર પણ જોવા મળીરહ્યાં છે.